ફોજદારી કેસ નં. ૧૪૦૦૭૩૪/૧૪

<u>આંક–૧ લગત હુકમ :–</u>

૧. આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતાં, આરોપી વિરુધ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરીટીના પત્ર નં.૩/૧૯, તા.૫–૧૨–૨૦૧૯ ના પરિપત્ર વ્દ્રારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકલ કરવાનું જણાવવામાં આવેલ છે.

<u>કલમ–૨૫૮, કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.</u>

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી છોડી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છૂટકારાથી બિનતહોમત મુકત કરવામાં આવે તેવી, અસર થશે.

૩. આમ, આ કલમ વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલાં હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતે ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે.વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં, આવે તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે અને અવા છુટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, તેવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદોનો પુરાવો લેવાયો ન હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહીં. વધુમાં આ કલમની અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરીયાદ કલમ–૨(ઘ) પરથી શરુ થયેલ નથી. રેકર્ડ જોતાં આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજે પરત આવેલ છે/નથી. એવા સંજોગોમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– ૦ <u>હુકમ</u> ૦–

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પૂરો થયા બાદ કિંમતી મુદ્દામાલ સબંધે અલગથી ઈન્કવાયરી કરવી અને બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો. અગાઉ થયેલ મુદ્દામાલનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

અમદાવાદ.<br>
તા. ૧૪ –૧૨ –૨૦૧૯

( એ.એચ.મુન્દ્રા)<br>
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નં.૧૪,અમદાવાદ.<br>
GJ-01010